એરપોર્ટ પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર
ફોન નંબર ૦૭૯૨૫૬૨૧૫૫૫
ફેક્સ નંબર .૦૭૯-૨૨૬૮૦૪૦૮
E-mail : polstn-air-ahd@gujarat.gov.in

# પ્રેસનોટ

## ચાઈનીઝ દોરીનું ગેરકાયદેસર વેચાણ કરતા ઈસમને પકડતી એરપોર્ટ પોલીસ

મે. પોલીસ કમિશ્નર શ્રી, અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી,સેક્ટર-૨,અ'વાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી,ઝોન-૪, અ'વાદ શહેર સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી,'જી' ડીવીઝન, અમદાવાદ શહેર નાઓના માર્ગદર્શન હેઠળ સિનિ.પો.ઈન્સ. શ્રી કે.સી.રાઠવા સાહેબ નાઓએ હાલમાં પો.સ્ટે.વિસ્તારમાં આગામી ઉત્તરાયણના તહેવાર અનુસંધાને પ્રતિબંધિત ચાઈનીઝ દોરી, કાચથી પાયેલી દોરી તેમજ તુક્કલ વિગેરે કોઈ દુકાનદાર ગેરકાયદેસર વેચાણ કરતાં મળી આવે તો કાયદેસરની કાર્યવાહી આપેલ સુચના આધારે સર્વેલન્સ સ્કવૉડના પો.સબ.ઈન્સ. શ્રી ડી.બી.પ્રજાપતિ તથા સ્ટાફના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન અ.હે.કો. દિનેશભાઈ જીવાજી નાઓની બાતમી આધારે આરોપી- પોપટભાઈ રામજીભાઈ પટણી (કતેરાવાળા) ઉ.વ.૭૨ રહે-જોગણીમાતાના કાચા છાપરા, રાજીયાપીર ની દરગાહની સામે, ભદ્રેશ્વર, સરદારનગર, અમદાવાદ શહેર નાઓને ભદ્રેશ્વર જોગણીમાતાના છાપરામાં ચોરી છુપીથી પ્રતિબંધિત ૧૭ ટેલર ચાઈનીઝ ચોરી મળી આવેલ. જે એક ટેલરની કિં.રૂ.૧૫૦/- લેખે કુલ-૧૭ ટેલર ની કિ.રુ.૨૫૫૦- ગણી શકાય તે પંચનામા વિગતે કબ્જે કરી સદરી ઈસમ વિરૂધ્ધ મે.પોલીસ કમીશ્નરશ્રી, અમદાવાદ શહેર કચેરીના જાહેરનામા ક્રમાંક-ગ/ઉપક/લાયસન્સ શાખા/03/૨૦૨૦ તા.૦૬/૦૧/૨૦૨૦ નો ભંગ કર્યા બદલ ઇ.પી.કો. કલમ-૧૮૮ તથા જીપીએકટ કલમ-૧૧૭ મુજબની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

આરોપીઓના નામ : (૧) પોપટભાઈ રામજીભાઈ પટણી (કતેરાવાળા) ઉ.વ.૭૨ રહે-જોગણીમાતાના કાચા છાપરા, રાજીયાપીર ની દરગાહની સામે, ભદ્રેશ્વર, સરદારનગર, અમદાવાદ શહેર

મુદ્દામાલ : ૧૭ ટેલર ચાઈનીઝ દોરીની કિ.રુ.૨૫૫૦/- ગણી શકાય

કામગીરી કરનાર અધિકારી/કર્મચારી :

(૧) પો.સબ.ઈન્સ. શ્રી ડી.બી.પ્રજાપતિ
(૨) અ.હે.કો.દિનેશભાઈ જીવાજી બ.નં.૮૧૮૧
(3) અ.પો.કો.જગદીશકુમાર જયંતીલાલ બ.નં.૮૪૯3
(૪) અ.લો.ર.દશરથકુમાર અમૃતભાઈ બ.નં.૧૧૭૨૯